# પ્રેસનોટ

## હજ ૨૦૨૬ (હિ. ૧૪૪૭)

**હજ ૨૦૨૬ની કામગીરી માટે જિલ્લાવાર ફીલ્ડ ટ્રેઈનર, આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનરની નિમણુંક કરવા સ્વૈચ્છિક(Voluntarily) અરજીઓ મંગાવવામાં આવે છે.**

ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષશ્રી ઇકબાલ સૈયદની સૂચના અનુસાર સચિવશ્રી આઈ.એમ.ઘાંચી અને સભ્યશ્રી નાસિરખાન બલોચ દ્વારા પ્રેસનોટમાં સંયુક્ત રીતે હજ-૨૦૨૬ની કામગીરી માટે જિલ્લાવાર ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT)ની નિમણુંક કરવા અંગે નીચે મુજબ ગાઈડલાઈન્સ જારી કરવામાં આવે છે.

૧) ઓનલાઈન અરજી તા. ૦૮/૦૭/૨૦૨૫ થી તા. ૧૭/૦૭/૨૦૨૫ (રાતના ૧૧:૫૯ કલાક સુધી) સુધી ફકત ઓનલાઈન અરજી સ્વિકારવામાં આવશે, સમય મર્યાદા પૂર્ણ થયા પછી કોઈ પણ અરજી સ્વીકારવામાં આવશે નહિ ઉપરાંત ઓફલાઈન અરજી પણ સ્વીકારવામાં આવશે નહિ.

૨) હજની બાબતોમાં કમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન ધરાવતા હોય જેમાં (હજનાં ફોર્મ ભરતાં, પેમેન્ટ સ્લીપ ભરતાં, મેડિકલ ફોર્મની વિગતો ભરતાં, હજના વિઝા ડાઉનલોડ કરતા, હજ યાત્રીઓને પડતી મુશ્કેલીઓ હજ કમીટી/(અથવા) ઓથોરીટીને યોગ્ય રીતે જાણ કરતા, હજ યાત્રીઓનું ઓનલાઈન ફ્લાઈટ રીપોર્ટિંગ કરતા આવડતું હોવું જોઈએ. હજ યાત્રીઓની પસંદગી બાદ ફોર્મ તથા સબંધિત દસ્તાવેજો ગુજરાત હજ કમીટીના ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરતાં આવડવું હોવું જોઈએ તેમજ નુસુક તથા હજ સુવિધા એપની સંપૂર્ણ જાણકારી જોવી જોઈએ.) તેઓને ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT) બનાવવા પ્રાથમિકતા આપવામાં આવશે.

૩) પાછલા વર્ષોમાં હજ સબંધિત કામગીરી સાથે સંકળાયેલા તથા અનુભવીને પસંદગીમાં પ્રાથમિકતા આપવામાં આવશે.

૪) ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT) પ્રાઈવેટ ટુર મારફતે હજ કે ઉમરાહમાં જનાર યાત્રિકો સાથે સીધી કે આડકતરી રીતે જોડાયેલાં હોવા જોઈએ નહીં.

૫) ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT) હજમાં થતી કુરબાની સાથે જોડાયેલાં હોવા જોઈએ નહીં.

૬) ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT) હજ ને લગતી કોઈ પણ પ્રકારની સેવા માટે હાજીઓ પાસેથી નાણાની માંગણી કરી શકશે નહી.

૭) કોઈ પણ ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT) સામે કોઈપણ ક્રીમીનલ કોર્ટ કેસ અદાલતમાં પડતર હોવો જોઈએ નહી.

૮) હજ સમિતિ દ્વારા વખતો વખત જે સૂચનાઓ આવે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯) આ માટે આપેલ લિંક https://gujarathajhouse.in/ft-2026 પર જઈ નિયત સમયમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૧૦) ફીલ્ડ ટ્રેઈનર(FT), આસીસ્ટન્ટ ફીલ્ડ ટ્રેઈનર(AFT)ની ઓનલાઈન અરજી હજ - ૨૦૨૬ પુરતી છે, તથા પસંદગી કરવા તથા હજ ૨૦૨૬ની કામગીરી દરમિયાન કોઈ પણ સમયે FT/AFTમાંથી નામ કમી કરવાનો સંપૂર્ણ હક ગુજરાત રાજ્ય હજ સમિતિ, ગાંધીનગર ને રહેશે.

---

ક્રમાંક:હજસ-૧૦-૨૦૨૫-૦૭૦૭-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
બ્લોકનં ૮, ૮મો માળ સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭-૦૭-૨૦૨૫

(આઈ. એમ. ઘાંચી)
સચિવ,
ગુજરાત રાજય હજ સમિતિ

- પ્રતિ, તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા,
- એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ